જર્મનીમાં વિસ્ફોટ થતાં ટ્રેન સ્ટેશન બંધ કરવામાં આવ્યું

બર્લિન, તા. 2 (AP) દક્ષિણ જર્મનીના ઓગ્સબર્ગ શહેરમાં બુધવારે સવારે એક ટ્રેન સ્ટેશન નજીક વિસ્ફોટ થતાં અને એક શંકાસ્પદ વસ્તુ મળી આવ્યા બાદ પોલીસે ટ્રાન્સપોર્ટ હબ બંધ કરી દીધું હતું. ટ્રેનોની અવરજવર બંધ કરી દેવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરોઢિયે લગભગ 3:15 વાગ્યે સ્ટેશન નજીકના એક માર્ગમાં એક અજ્ઞાત વસ્તુમાં વિસ્ફોટ થયો હતો, જેમાં બે લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. જર્મન ન્યૂઝ એજન્સી ડીપીએના અહેવાલ મુજબ, ઈજાગ્રસ્ત થયેલા લોકો 17 વર્ષની સગીરા અને 18 વર્ષનો યુવક છે, જેઓ બંને યુક્રેનિયન નાગરિકો છે. ડીપીએ અનુસાર, પાછળથી મુખ્ય ટ્રેન સ્ટેશન પર જ બીજી એક શંકાસ્પદ વસ્તુ મળી આવી હતી, જેમાં વિસ્ફોટ થયો ન હતો. બવેરિયન સ્ટેટ ક્રિમિનલ પોલીસ ઓફિસના વિસ્ફોટક નિષ્ણાતો ઘટનાસ્થળે તપાસ કરી રહ્યા હતા. પોલીસે એક્સ પર જણાવ્યું હતું કે, સ્ટેશનની આસપાસના વિસ્તારમાં રોડ ટ્રાફિક અને જાહેર પરિવહનને પણ અસર થઈ હતી. ઓગ્સબર્ગ એ બવેરિયાનું 308,000ની વસ્તી ધરાવતું શહેર છે, જે મ્યુનિકથી ઉત્તર-પશ્ચિમમાં લગભગ 78 કિલોમીટર (48 માઈલ) દૂર આવેલું છે.

લખનઉમાં માજી ઉપમુખ્યમંત્રીના ઘરની બહાર જ મસમોટો ભૂવો પડ્યો

બે સ્કૂટર સવાર ઊંડા ખાડામાં પટકાતા ઈજાગ્રસ્ત થયા

કાનપુરમાં 10 ફૂટ ઊંડો અને 25 ફૂટ લાંબો ભૂવો પડ્યો

લખનઉ-કાનપુર, તા. 2 (પીટીઆઈ): લખનઉમાં પૂર્વ ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને ભાજપના સાંસદ દિનેશ શર્માના નિવાસસ્થાન બહાર બુધવારે લખનઉ યુનિવર્સિટી રોડ પર અચાનકક મસમોટો ભૂવો પડી ગયો હતો. આ ઘટનામાં સ્કૂટર પર સવાર બે લોકો ઊંડા ખાડામાં પડી જતાં ઈજાગ્રસ્ત થયા હતા. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અભય પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "મારા બંને ભાઈ કૈસરબાગ તરફથી આવી રહ્યા હતા ત્યારે તેમની બાઇક રસ્તો ધસી પડેલા ભાગમાં પડી ગઈ હતી. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે." ઘટનાની જાણ થતાં પોલીસ અને લખનઉ મ્યુનિસિપલ કોર્પોરેશન (LMC)ના અધિકારીઓએ રસ્તાના આ ભાગને બેરિકેડ લગાવીને બંધ કરી દીધો હતો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ભૂગર્ભ પાઇપલાઇનમાં લીકેજ અથવા ગટરમાંથી પાણીના રિસાવાને કારણે જમીનની માટી ધોવાઈ ગઈ હતી, જેના કારણે ભૂવો પડ્યો હશે.

બીજી બાજુ કાનપુરના હર્ષનગર વિસ્તારમાં પણ મંગળવારે પડેલા ભારે વરસાદ બાદ ઢંકાયેલી ગટરનો ભાગ ધસી પડ્યો હતો. તેના કારણે રસ્તા પર લગભગ 10 ફૂટ ઊંડો અને 25 ફૂટ લાંબો ભૂવો પડી ગયો હતો. રસ્તાનો માત્ર આશરે 2 ફૂટ જેટલો ભાગ જ બચ્યો હતો. બ્રહ્મનગર-ઈદગાહ રોડ પરની આ ગટર એક સપ્તાહ પહેલાં પણ ધસી પડી હતી.

નવી ઘટનાથી સ્થાનિકોમાં ભય ફેલાયો હતો. જલ-કલ વિભાગે ખાડાની આસપાસ બેરિકેડ લગાવ્યા હતા. કાનપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ છેલ્લા એક સપ્તાહથી સમારકામ કરી રહી છે. સહાયક એન્જીનીયર રવિ પ્રતાપ સિંહે કહ્યું કે વરસાદને કારણે માટી ભીની હોવાથી કામદારો દિવસ દરમિયાન ખાડામાં ઉતરી શક્યા નહોતા. સાંજે લોખંડની શટરિંગનું કામ શરૂ કરાયું હતું.

કમર સુધી પાણીમાં દુલ્હન વરરાજા સુધી પહોંચી

ફિલિપાઇન્સના ચર્ચમાં પૂરનું પાણી ભરાયું છતાં કપલે લગ્ન મુલતવી રાખવાથી ઈન્કાર કર્યો, દુલ્હન ગાઉન પહેરી પાણીમાં ચાલી

મનીલા, તા. 2: ફિલિપાઈન્સમાં ભારે પૂર વચ્ચે એક યુગલે અનોખી રીતે લગ્ન કર્યા હતા. હેગોનોયના સેન્ટ જોન ધ બેપ્ટિસ્ટ કેથોલિક ચર્ચમાં કેડ-સમા પાણી ભરાયું હોવા છતાં લિયાન લિએઝા ગાલાંગ સફેદ લગ્નના ગાઉનમાં પાણીમાંથી પસાર થઈ વરરાજા સુધી પહોંચી હતી.

ચર્ચમાં લગભગ કમર સુધી પાણી ભરાયું હતું. દુલ્હન હાથમાં સફેદ ફૂલોનો ગુલદસ્તો લઈને પાણીમાં આગળ વધી હતી. ચર્ચની ખુરશીઓ ખાલી હતી, પરંતુ પ્લાસ્ટિકનાં ફૂલોથી સજાવટ કરીને શક્ય તેટલું સામાન્ય વાતાવરણ જાળવવાનો પ્રયાસ કરાયો હતો. પાદરીએ લિયાન અને તેના વર ગિલ્બર્ટ ચિકોને ટૂંકી વિધિ બાદ પતિ-પત્ની જાહેર કર્યા હતા.

ફોટોગ્રાફર મિક્કો રે અલ્ફોન્સોએ જણાવ્યું કે વધતા પૂર વચ્ચે ચર્ચે દંપતીને લગ્ન મુલતવી રાખવાની સલાહ આપી હતી, પરંતુ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય બદલ્યો નહોતો. ભારે વરસાદને કારણે ચર્ચ લગભગ એક મહિનાથી આંશિક રીતે પાણીમાં ડૂબેલું હતું.

લગ્નમાં 15થી ઓછા લોકો હાજર રહ્યા હતા. દુલ્હન રિક્ષામાં ચર્ચ પહોંચી હતી અને તેના લગ્નના ગાઉનનો પાછળનો ભાગ ટૂંકો કરાયો હતો, જેથી તે સુરક્ષિત રીતે પાણીમાંથી પસાર થઈ શકે. લગ્નની વીંટી એક નાનો છોકરો કમર સુધીના પાણીમાંથી પસાર થઈને લાવ્યો હતો.

ચિલીનું અટાકામા રણ સફેદ ચાદરમાં ઢંકાયું

ઓગસ્ટમાં શિયાળાના તોફાનથી ચિલીના રણમાં બદલાયું દૃશ્ય, તલતાલમાં 3 દિવસમાં 1.56 ઈંચ વરસાદ

નવી દિલ્હી, તા. 2: પૃથ્વીના સૌથી સૂકા વિસ્તારોમાંના એક ચિલીના અટાકામા રણના કેટલાક વિસ્તારો ઓગસ્ટ 2026માં પડેલી દુર્લભ બરફવર્ષાથી સફેદ થઈ ગયા હતા. એન્ડિઝ પર્વતમાળાથી શરૂ થયેલી શિયાળાની આ હવામાન પ્રણાલી રણને પાર કરીને પ્રશાંત મહાસાગરના કિનારા સુધી પહોંચી હતી.

નાસાના સેટેલાઇટ ચિત્રોમાં સામાન્ય રીતે ઉજ્જડ દેખાતા અટાકામાના વિસ્તારો બરફથી ઢંકાયેલા જોવા મળ્યા હતા. એક તોફાને ઊંચાઈ પર આવેલા ચાજનાન્તોર પ્લેટોને અસર કરી હતી, જ્યાં ALMA વેધશાળા આવેલી છે. ભારે બરફ અને તેજ પવનને કારણે તેની કામગીરી થોડા સમય માટે અટકાવવી પડી હતી.

બીજા તોફાને રણના સૂકા વિસ્તારોને પાર કરીને એન્ટોફાગાસ્તા નજીક પ્રશાંત કિનારા સુધી બરફ પહોંચાડ્યો હતો. અસામાન્ય વાતાવરણીય સ્થિતિ, દરિયાકાંઠા નજીકની ભેજ અને લો-પ્રેશર સિસ્ટમના સંયોજનથી વરસાદ અને બરફ પડ્યો હતો.

તલતાલમાં 3 દિવસમાં લગભગ 1.60 ઈંચ વરસાદ નોંધાયો, જે શહેરના વાર્ષિક સરેરાશ કરતાં લગભગ 10 ગણો હતો. રણમાં બરફ પડ્યો માત્ર એટલે આ ઘટના અસામાન્ય નથી પણ બરફ કેટલાં દૂરના વિસ્તારો સુધી પહોંચ્યો તેણે આ ઘટનાને અસામાન્ય બનાવી છે.

સુશાંત રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનના મોતની હવે CBI તપાસ કરશે

બોમ્બે હાઈકોર્ટે 6 વર્ષ સુધી FIR ન નોંધવા બદલ મુંબઈ પોલીસની ઝાટકણી કાઢી

14મા માળેથી પડ્યા છતાં ચહેરાનું હાડકું ન ભાંગવું સ્વીકારવું મુશ્કેલ: હાઈકોર્ટ

મુંબઈ, તા. 2 (પીટીઆઈ): બોમ્બે હાઈકોર્ટે મંગળવારે સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનાં ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનનાં મોતની તપાસ સીબીઆઈ (CBI)ને સોંપવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે 6 વર્ષ સુધી એફઆઈઆર (FIR) દાખલ ન કરવા બદલ મુંબઈ પોલીસની આકરી ઝાટકણી કાઢતાં કહ્યું કે, તેમની તપાસ 'જવાબ આપવાને બદલે વધુ પ્રશ્નો ઊભા કરે છે'. જસ્ટિસ સારંગ કોટવાલ અને જસ્ટિસ રણજિતસિંહા રાજા ભોંસલેની બેંચે કહ્યું કે અનિશ્ચિત સમય સુધી તપાસ ચાલુ રહી શકે નહીં અને આ કેસમાં કન્દ્રીય એજન્સી દ્વારા તપાસ થવી જરૂરી છે. હાઈકોર્ટે મુંબઈ પોલીસને 6 વર્ષ સુધી માત્ર અકસ્માતે મોત (ADR) ગણીને તપાસ કરવા બદલ અને તપાસમાં જોવા મળેલી 'ગંભીર વિસંગતતાઓ' માટે ફિટકાર લગાવી હતી. કોર્ટે સીબીઆઈને તાત્કાલિક એફઆઈઆર નોંધી મૃતકના પિતા સતીશ સાલિયાનનું નિવેદન લેવા આદેશ આપ્યો છે. જોકે, પુરાવા ન મળે ત્યાં સુધી કોઈ વ્યક્તિને આરોપી ન ગણવા સ્પષ્ટતા કરી છે. પિતાએ શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરે સામે એફઆઈઆરની માગ કરી હતી, પરંતુ કોર્ટે કોઈ વ્યક્તિ વિશે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. 44 પાનાના ચુકાદામાં કોર્ટે નોંધ્યું કે જમીન પર લોહી ન મળવું અને 12કે 14 માળેથી પડ્યા છતાં ચહેરાનું એક પણ હાડકું ન ભાંગવું એ વાત સ્વીકારવી મુશ્કેલ છે. ઉલ્લેખનીય છે કે 8 જૂન, 2020ના રોજ માલાડની બિલ્ડિંગમાંથી કથિત રીતે પડી જતાં દિશાનું મોત થયું હતું. તેમનાં પિતાએ ગયા વર્ષે હાઈકોર્ટમાં અરજી કરીને પુત્રી પર સામૂહિક બળાત્કાર અને હત્યાનો આક્ષેપ કર્યો હતો તથા રાજકીય દબાણમાં કેસ દબાવવાનો દાવો કર્યો હતો. સીબીઆઈ હવે વરિષ્ઠ અધિકારીની આગેવાનીમાં આ કેસની નવા સિરેથી તપાસ કરશે.

સલમાન ખાને 'બિગ બોસ 20' માટે પોતાની ફી વધારીને રૂ. 120 કરોડ કરી!

મુંબઈ, તા. 2 : સુપરસ્ટાર સલમાન ખાન એક વાર ફરી 'બિગ બોસ'ની નવી સીઝનને હોસ્ટ કરવા માટે તૈયાર છે. શોના ગ્રાન્ડ પ્રીમિયર પહેલા સલમાન ખાનની ફીને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. એક એક રિપોર્ટ મુજબ, સલમાન ખાનને 'બિગ બોસ 20' માટે લગભગ 120 કરોડ રૂપિયા ફી મળવાની વાત કહેવામાં આવી રહી છે. જોકે, આ રકમની હજી સુધી સલમાન ખાન કે શોના મેકર્સ તરફથી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં સલમાન ખાનની 'બિગ બોસ' હોસ્ટિંગ ફીમાં ઘણો વધારો થયો છે. તેમની પ્રતિ એપિસોડ ફી લગભગ 2.5 કરોડ રૂપિયા સુધી પહોંચવાની વાત કહેવામાં આવી છે.

મીના કુમારીની ફિલ્મ 'પાકીઝા'નું રિસ્ટોર્ડ વર્ઝન ફ્રાન્સ અને યુકેના ફિલ્મ મહોત્સવોમાં પ્રદર્શિત થશે

મુંબઈ, તા. ૨ (પીટીઆઈ): મીના કુમારી અભિનિત ૧૯૭૨ની ક્લાસિક ફિલ્મ 'પાકીઝા'ની ૪કે રિસ્ટોર્ડ આવૃત્તિનો વર્લ્ડ પ્રીમિયર ફ્રાન્સના લિયોન સ્થિત 'ફેસ્ટિવલ લુમિયેર' અને 'બીએફઆઈ લંડન ફિલ્મ ફેસ્ટિવલ'માં યોજાવા જઈ રહ્યો છે. કમલ અમરોહી દ્વારા નિર્દેશિત આ ફિલ્મના રિસ્ટોર કરવાનું કામ 'ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશન' (એફએચએફ) નામના નોન-પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મને તેની મૂળ ભવ્યતામાં પાછી લાવવા માટે તેને બે વર્ષ લાગ્યાં હતાં. લિયોનમાં વર્લ્ડ પ્રીમિયરનું નેતૃત્વ કાન અને લુમિયેરના વડા થિએરી ફ્રેમો કરશે. ફ્રાન્સ પછી આ ફિલ્મ લંડનમાં બીએફઆઈ આઈએમએએક્સ ખાતે એક શાનદાર સ્ક્રીનિંગ માટે જશે, જે એફએચએફ ડિરેક્ટર શિવેન્દ્ર સિંહ ડુંગરપુર તેમ જ અમરોહીનાં સંતાનો, તાજદાર અને રુખસાર તથા પૌત્ર બિલાલ અમરોહી દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

પૂરપીડિતોની મદદ માટે નેપાળ પહોંચ્યો સોનુ સૂદ

મુંબઈ, તા. 2 બોલિવૂડ એક્ટર સોનુ સૂદ નેપાળમાં આવેલા ભયાનક પૂરથી પ્રભાવિત લોકોની મદદ માટે કાઠમંડુ પહોંચ્યો છે. તેમની સંસ્થા 'સૂદ ચેરિટી ફાઉન્ડેશન'ની ટીમ ભારતથી ધાબળા, રાશન અને અન્ય જરૂરી સામાન લઈને નેપાળ પહોંચી છે. સોનુ સૂદે કહ્યું હતું કે, તેમની ટીમ પ્રભાવિત પરિવારોને પુન:સ્થાપિત કરવા માટે આવનારા મહિનાઓ સુધી સતત રાહત સામગ્રી મોકલતી રહેશે. નેપાળમાં આવેલી આ કુદરતી આપત્તિમાં અત્યાર સુધીમાં 900થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. સોનુ સૂદે જણાવ્યું કે, તેમની ટીમ જમીની સ્તરે પૂર પીડિતોની જરૂરિયાતોની સમીક્ષા કરી રહી છે. સોનુએ કહ્યું, ''અમે અહીં પૂર પીડિતોને મળવા આવ્યા છીએ. ભારતથી ઘણો બધો સામાન, રાશન અને ધાબળા લાવ્યા છીએ. સંકટના આ સમયમાં જરૂરિયાતમંદોની સાથે ઊભા રહેવું આપણા સૌની ફરજ છે.''

'ઘરમાં ઘૂસીને મારીશું...' સ્વરા ભાસ્કર માટે મુસીબતનું કારણ બની જોહર પર વિવાદાસ્પદ ટિપ્પણી

મુંબઈ, તા. 2 : બોલીવુડ અભિનેત્રી સ્વરા ભાસ્કરે વર્ષ 2018માં રિલીઝ થયેલી સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'પદ્માવત'ના જોહર સીન પર ટિપ્પણી કરીને નવો વિવાદ ઊભો કરી દીધો છે. મામલા પર સ્વરા ભાસ્કરે એક ક્લેરિફિકેશન વીડિયો પણ પોસ્ટ કર્યો છે, પરંતુ લોકોનો ગુસ્સો શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. કરણી સેનાના મુંબઈ અધ્યક્ષ સુરજીત સિંહ રાઠોડે તો સ્વરાને મારવાની ધમકી આપી દીધી છે. રાઠોડે કહ્યું કે સ્વરા ભાસ્કરે રાજસ્થાનની ક્ષત્રાણીઓની વહુ-દીકરીઓનું અપમાન કર્યું છે. અમે ઘરમાં ઘૂસીને મારીશું. જ્યારે સ્વરા ભાસ્કરનું કહેવું છે કે તેમના કહેવાનો એ મતલબ નહોતો જે મીડિયામાં રજૂ કરવામાં આવ્યો. સ્વરા ભાસ્કરે જણાવ્યું કે તેમણે પદ્માવતીને 'કાયર' નહોતાં કહ્યાં અને લોકોને વિનંતી કરી કે તેઓ તેમના ભાષણ વિશે ખોટી વાતો ન ફેલાવે.

નેપાળના પૂરના પાણી સાથે આવેલી 'અજાણી' માછલીઓ ન ખાવા બિહાર સરકારની ચેતવણી

પટના, તા. 2 (પીટીઆઈ): બિહારના ડેરી, પશુ સંસાધન અને મત્સ્યોદ્યોગ મંત્રી નંદકિશોર રામે બુધવારે લોકોને નેપાળમાંથી પૂરના પાણી સાથે રાજ્યમાં આવેલી 'અજાણી' માછલીઓ ન ખાવા અપીલ કરી હતી. કારણ કે, તેનાથી બીમારી થઈ શકે છે. અહેવાલો સૂચવે છે કે, નેપાળથી વહી આવતા પૂરના પાણી સાથે બિહારના કેટલાક વિસ્તારોમાં અજાણી માછલીઓની પ્રજાતિઓ આવી ગઈ છે. આવી માછલીઓ ખાવાથી કેટલાક લોકોને પેટનો દુખાવો, ઝાડા અને ઊલટીની સમસ્યાઓ થઈ છે. રામે કહ્યું હતું કે, "હું લોકોને ગંડક જેવી નદીઓ દ્વારા નેપાળથી વહી આવતી માછલીઓ ન ખાવા અપીલ કરું છું... આ દેખાવમાં સ્પષ્ટપણે અલગ છે. આ માછલીઓ ખાવાથી પેટમાં દુખાવો, ઊલટી અને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. આવી માછલીઓ ખાવાથી ચેપ પણ થઈ શકે છે. તેને ન ખાવી જ વધુ સારું છે." રામે માછીમારોને પણ આવી માછલીઓ ન પકડવા અને ન વેચવા વિનંતી કરી હતી. બિહાર સરકારે મંગળવારે એક એડવાઈઝરી બહાર પાડીને લોકોને આવી માછલીની જાતો ન ખાવા જણાવ્યું હતું. એડવાઈઝરીમાં જણાવાયું છે કે, પૂર દરમિયાન તળાવો, નદીઓ, સરોવરો અને જળાશયોમાંથી વહી ગયેલી માછલીઓ મોટા વિસ્તારોમાં ફેલાઈ શકે છે અને ખુલ્લી ગટર, મૃત પ્રાણીઓ અને સડતા પદાર્થોના લાંબા સમય સુધી સંપર્કમાં આવી શકે છે, જેનાથી બેક્ટેરિયા, વાયરસ અને ફૂગ દ્વારા દૂષિત થવાનું જોખમ વધી જાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, "આ માછલીઓનું સેવન આરોગ્ય માટે જોખમી છે." અધિકારીઓએ જણાવ્યું હતું કે, પર્યાવરણીય પરિસ્થિતિઓ સામાન્ય ન થાય અને કુદરતી દૂષકો અને રોગકારક જીવાણુઓ ઓછા ન થાય ત્યાં સુધી પૂરના પાણીમાંથી પકડાયેલી માછલીઓ ન ખાવાની સલાહ આપવામાં આવે છે.

વિદેશ મંત્રી જયશંકર યુક્રેન, પોલેન્ડની મુલાકાતે જશે

નવી દિલ્હી, તા. 2 (PTI) વિદેશ મંત્રી એસ. જયશંકર શુક્રવારથી યુક્રેન અને પોલેન્ડની ત્રણ દિવસીય મુલાકાતે જશે. કિવ અને મોસ્કો વચ્ચે વધી રહેલા સંઘર્ષની વચ્ચે જયશંકરની યુક્રેન મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિદેશ મંત્રાલયે (એમઈએ) જણાવ્યું હતું કે, "વિદેશ મંત્રી એસ. જયશંકર 3થી 5 સપ્ટેમ્બર સુધી યુક્રેન અને રિપબ્લિક ઓફ પોલેન્ડની સત્તાવાર મુલાકાતે જશે." મંત્રાલયે જણાવ્યું હતું કે, તેઓ તેમના યુક્રેનિયન સમકક્ષ એન્ડ્રી સબીહા અને પોલેન્ડના નાયબ વડા પ્રધાન રાડોસ્લો સિઆકોર્સ્કી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને પ્રાદેશિક વિકાસ તેમ જ પરસ્પર હિતના મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પણ પૂરી પાડશે."

પાકિસ્તાન પંજાબ એસેમ્બલીમાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધનો પ્રસ્તાવ પસાર

લાહોર, તા. ૨ (PTI) પાકિસ્તાનની પંજાબ એસેમ્બલીએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર અસરકારક કાનૂની પ્રતિબંધની માંગ કરતો પ્રસ્તાવ પસાર કર્યો છે. સાયબર બુલીંગ, ઓનલાઈન શોષણ અને સગીરો પર વધુપડતા સ્ક્રીન ટાઈમની હાનિકારક અસરો અંગે વધી રહેલી ચિંતાઓ વચ્ચે આ પગલું લેવાયું છે. આ પ્રસ્તાવ મંગળવારે ચાઈલ્ડ પ્રોટેક્શન બ્યુરોના ચેરપર્સન અને ધારાસભ્ય સારા અહેમદ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. પંજાબ એસેમ્બલીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, વિપક્ષ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ના સમર્થન સાથે ગૃહે સર્વસંમતિથી આ પ્રસ્તાવ સ્વીકાર્યો હતો.